अहो देवना देव हो विश्व स्वामि, करु स्तुति हुं आपनी शीश नामी, दयाळु प्रभु आपदाथी उगारो, दीनानाथ तुं एक आधार अमारो

## રાજ્યમાં વધુ ૬૨૦ નવા કેસ : અમદાવાદમાં ૧૯૭ : ગાંધીનગરમાં ૧૯


સાવચેત રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

માસ્ક પહેરીએ
દો ગજની દૂરીનો અમલ કરીએ..
સેનેટાઈઝરનો ઉપયોગ કરીએ..

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૧૨ | ૧ જુલાઈ, ૨૦૨૦, બુધવાર; અષાઢ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# ગરીબોને નવેમ્બર સુધી વિનામૂલ્યે અનાજ મળશે

**પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના નવેમ્બર સુધી લંબાવાઈ : નવેમ્બર સુધી ૮૦ કરોડ ગરીબ પરિવારોને દર મહિને ૫ કિલો ઘઉં અથવા ૫ કિલો ચોખા અને એક કિલો દાળ આપવામાં આવશે : રોગચાળાને ફેલાતો અટકાવવા માટે બેજવાબદાર રહેવાને બદલે નિયમોનું પાલન કરવા અપીલ**



ન્યુ દિલ્હી,તા.૩૦
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના સંકટ અને ચીન સાથે તણાવ વચ્ચે દેશના નામે સંબોધન કર્યુ હતું. દેશમાં કોરોનાના કહેર વચ્ચે આ છઠ્ઠી વખત છે જ્યારે વડાપ્રધાન મોદીએ દેશને સંબોધન કર્યુ હતું. પીએમ મોદીએ કહ્યું કે કોરોના સામે લડતા ભારતમાં ૮૦ કરોડ લોકોને ત્રણ મહિનાનું રાશન મફત આપવામાં આવ્યુ છે. જ્યારે દરેક પરિવારને દર મહિને એક કિલો દાળ પણ આપવામાં આવી છે. નવેમ્બર સુધી ગરીબ પરિવારોને દર મહિને ૫ કિલો ઘઉં અથવા ૫ કિલો ચોખા અને એક કિલો દાળ પણ આપવામાં આવશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, કોરોના વૈશ્વિક મહામારી વિરૂદ્ધ લડતા લડતા અમે અનલોક-૨માં પ્રવેશ કરી રહ્યા છીએ અને અમે તે હવામાનમાં પણ પ્રવેશ કરી રહ્યા છીએ જ્યા શરદી, તાવ આવે છે જેને કારણે કેસ વધી જાય છે એવામાં મારી દેશવાસીઓને પ્રાર્થના છે કે આવા સમયમાં પોતાનું ધ્યાન રાખો.

● અનુસંધાન પાન-૭ પર

## ચીનને જડબાતોડ જવાબ આપવા ગલવાન ઘાટીમાં ભારતે ટી-૯૦ ટેન્ક તૈનાત કરી

**૧૫૫ એમએમ હોવિત્ઝરની સાથે ઈન્ફેન્ટરી યુદ્ધ વાહનોને એલએસી પર તૈનાત કરાયા**

ન્યુ દિલ્હી,તા.૩૦
પૂર્વ લદ્દાખમાં સરહદ ઉપર વિવાદને લઈને ભારત-ચીન વચ્ચે સતત વાતચીતનો દોર ચાલી રહ્યો છે. ચીન આ વિવાદને વાતચીત દ્વારા ઉકેલવાનો આગ્રહ વ્યક્ત કરી રહ્યું છે, જો કે તે ચાલબાજી કરવામાંથી પણ પાછળ હટી રહ્યું નથી. ચીનની પીઠમાં છરો ભોંકવાની ટેવથી પરિચિત ભારત પણ તેને હળવાશમાં લેવા માંગતુ નથી અને સરહદ પર ગલવાનવેલી ખાતે તમામ પરિસ્થિતિનો સામનો કરવા સજ્જ છે. ભારતે ગલવાન સેક્ટરમાં છ ટી-૯૦ ટેક્કો તૈનાત કરી છે.

ભારતીય લશ્કરે સરહદ પર ટી-૯૦ ભીષ્મ ટેક્કોને ખડકવાનો નિર્ણય ચીનની પીપલ્સ લિબરેશન આર્મીની કેટલીક હિલચાલને ધ્યાનમાં રાખીને કર્યો છે. ચીને ગલવાન વેલી ખાતે અનેત સ્થળે નિર્માણ કામગીરી હાથ ધરી છે. લશ્કર



એલએસી પાસે પોતાના ક્ષેત્રની અંદર મુખ્ય ઊંચાઈવાળા સ્થાને હથિયારો તૈનાત કરી રહ્યું છે. ૧૫૫ એમએમ હોવિત્ઝરની સાથે ઈન્ફેન્ટરી યુદ્ધ

● અનુસંધાન પાન-૭ પર

## ભારતના ૫૯ એપ પર પ્રતિબંધથી ચીન ધુંઆપુંઆ

**આ પેટર્ન ભારતીયોના હિતમાં પણ નથી : ચીને કહ્યુ સમગ્ર પરિસ્થિતિ પર અમારી નજર**

બેઈજિંગ,તા.૩૦
ભારતમાં ૫૯ ચાઈનીઝ એપ પર પ્રતિબંધ મૂકાયા બાદ ચીનના વિદેશ મંત્રાલયે ચિંતા વ્યક્ત કરી છે. ચીની વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઝાઓ લિજિયાને કહ્યું કે આ મુદ્દે ચીન ખુબ ચિંતિત છે અને સમગ્ર મામલે જાણકારી મેળવવામાં આવી રહી છે. નોંધનીય છે કે ગઈ કાલે જ મોદી સરકારે ટિકટોક સહિત ૫૯ ચાઈનીઝ એપ પર પ્રતિબંધ લગાવ્યો છે.

ચીનના વિદેશ મંત્રાલયે કહ્યું કે 'અમે એ વાત પર ભાર મૂકવા માંગીએ છીએ કે ચીનની સરકાર હંમેશા ચીની ઉદ્યોગકારોને આંતરરાષ્ટ્રીય તથા સ્થાનિક કાયદા નિયમોનું પાલન કરવાનું કહે છે.


● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૦૪૭૩૪૭૧ | ૫૦૯૭૩૫ | ૫૮૫૪૯૧૨ |
| ભારત | ૫૮૨૦૧૪ | ૧૭૩૨૨ | ૩૪૫૦૭૦ |
| ગુજરાત | ૩૨૬૪૩ | ૧૮૪૮ | ૨૩૬૭૦ |
| ગાંધીનગર | ૭૧૯ | ૪૯ | ૪૭૫ |

## મુંબઈની તાજ હોટલને ઉડાવી દેવાની પુનઃ ધમકી

મુંબઈ, તા. ૩૦
દેશની આર્થિક રાજધાની મુંબઈ વિશે એક મોટા સમાચાર છે. મુંબઈની તાજ હોટેલને બોમ્બથી ઊડાડી દેવાની ધમકી આપતો કોલ આવ્યો હતો. આ ફોન પાકિસ્તાનના કરાચીથી હોટલમાં આવ્યો હતો. હાલમાં હોટલ અને તેની આસપાસના વિસ્તારમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. મુંબઈ પોલીસે કહ્યું, ગઈકાલે પાકિસ્તાનના કરાચીથી તાજ હોટલને બોમ્બથી ઊડાડી દેવાનો ફોન આવ્યો ત્યારબાદ હોટલ અને આસપાસના વિસ્તારોમાં સુરક્ષા કડક બનાવવામાં આવી છે. મળતી માહિતી મુજબ આ ફોન પાકિસ્તાનથી તાજ હોટલમાં આવ્યો હતો. જેમાં એક વ્યક્તિએ કહ્યું, કરાચી સ્ટોક એક્સચેંજ પર થયેલા આતંકવાદી હુમલાની સાક્ષી દરેક વ્યક્તિ છે. હવે તાજ હોટેલમાં ૨૬/૧૧ જેવો હુમલો ફરી એકવાર થશે. આ ફોન અંગેની માહિતી તાત્કાલિક મુંબઈ પોલીસને આપવામાં આવી હતી. જે બાદ પોલીસે સુરક્ષા વધુ કડક કરી દીધી છે. રાતોરાત પોલીસ અને હોટલ સ્ટાફે સુરક્ષા



**તાજ હોટલ ફરી વખત આંતકીઓના નિશાને : કરાચીથી હોટલમાં ફોન આવતા સુરક્ષા જડબેસલાક કરાઈ : ૨૬/૧૧ના હુમલાને ટાંકવામાં આવ્યો**

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે... છેલ્લે...

- હિન્દી ફિલ્મના પ્રસિદ્ધ અભિનેતા આમીરખાન ડ્રાયવર - રસોયા સહિત સાતને કોરોના.
- અમદાવાદમાં વધુ એક કોર્પોરેટરને કોરોના પોઝિટિવ.
- રાજ્યમાં વિજળી પડવાથી સાતના મોત
- પશ્ચિમ બંગાળમાં જુન-૨૦૨૧ સુધી મફત રાશન અપાશે.
- પાકિસ્તાન ઈન્ટરનેશન એરલાઈન્સની ફ્લાઈટ યુરોપ જઈ શકશે નહિ.
- કર્ણાટકના બેલાનીમાં એક જ ખાડામાં ફેંકી દેવાયેલા કોરોના દર્દીના ૮ મૃતદેહ.
- પતંજલિનો યુ-ટર્ન અમે કોરોનાની નહિ રોગ પ્રતિકારક શક્તિની દવા બનાવી છે.
- મુંબઈમાં માસ્ક નહિ પહેરનારને ૧ હજાર રૂપિયાનો દંડ કરાશે.
- ભારતમાં ટીકટોકના બદલે ચિનગારી એપ ડાઉન થવા લાગી.
- ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ તરીકે હિમાંશુ પંડ્યાની પુનઃ નિમણુંક.
- કોલ્હાપુરમાં એક સલુન માલિકે પ્રથમ ગ્રાહકના વાળ કાપવા સોનાની કાતરનો ઉપયોગ કર્યો.

## દેશમાં નવા ૧૮૩૩૯ કેસ નોંધાયા

**દેશમાં કુલ ૫.૬૭ લાખ કેસ, છેલ્લા ૨૪ કલાકમાં ૪૧૮ના મોત : મૃત્યુઆંક ૧૭ હજાર નજીક : દેશમાં સતત ચોથા દિવસે ૧૮ હજારથી વધારે નોંધાયા કેસ : ભારતમાં કોરોના વાયરસનો રિકવરી રેટ ૫૯.૦૬ ટકા સુધી પહોંચ્યો**

ન્યુ દિલ્હી,તા.૩૦
અનલોક-૧નો આજે ૩૦



જૂને અંતિમ દિવસ છે. ૧ જૂનના રોજ દેશમાં અનલોક-૧ અમલમાં આવ્યાં બાદ કોરોનાના કેસમાં સતત વધારો જોવા મળ્યો છે. દેશમાં છેલ્લા ચાર દિવસથી ૧૮ હજારથી વધારે કોરોના વાયરસના મામલા નોંધાયા છે.જેમાં છેલ્લાં ૨૪ કલાકમાં ૧૮,૫૫૨ કેસો નોંધાયા અને વધુ ૪૧૮ લોકોના મોત થયા હતા. ૧ જુલાઈથી અનલોક-૨ અમલમાં આવી રહ્યો છે અને કેટલીક વધુ છૂટછાટ આપવામાં આવી છે ત્યારે કેસો વધવાની શક્યતાને નકારી શકાય તેમ નથી. આજે સમગળવારે સવારે પૂરાર થયેલા ૨૪ કલાકમાં છેલ્લાં એક દિવસમાં ૧૮ હજાર કરતાં વધારે કેસ નોંધાતા દેશમાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૫,૬૬,૮૪૦ પર પહોંચી છે અને ૪૧૭ લોકાના મોત સાથે કુલ ૧૬,૮૯૩ લોકોના મોત થયા છે. અત્યારસુધીમાં કુલ્લે ૩,૩૪,૮૨૨ લોકો સાજા પણ થયા છે અને હાલમાં દેશમાં સારવાર હેઠળના કેસોની સંખ્યા ૨,૧૫,૧૨૫ છે. કેસ વધતાં તમિલનાડુ અને મહારાષ્ટ્રમાં લોકડાઉન ૩૧ જુલાઈ સુધી લંબાવાયું છે હવે કોરોના કેસમાં રિકવરી રેટ ૫૯.૦૬ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં ૧ જુલાઈથી અનલોક-૨નો અમલ શરૂ થઈ રહ્યો છે. તેમાં જોકે હજુ શાળા-કોલેજો, સિનેમા હોલ અને જીમ વગેરે શરૂ થવાના નથી.

## મહામારીનો ખરાબ સમય હજી બાકી છે : WHO

જિનિવા,તા.૩૦
દુનિયાભરમાં ૧ કરોડથી વધુ લોકોને પોતાનો શિકાર બનાવનાર કોરોના વાયરસની ઉત્પત્તિ સંબંધિત તપાસ માટે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન ટૂંક સમયમાં જ પોતાની એક ટીમ ચીન મોકલશે. જો કે હજુ સુધી એક ખબર પડી શકી નથી કે આ ટીમમાં કોણ-કોણ સામેલ થશે અને આ તપાસનો હેતુ શું હશે. ચીનથી શરૂ થયેલા કોરોનાની ઉત્પત્તિ સંબંધિત તપાસની અત્યાર સુધી ના પાડતું આવ્યું છે.

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનનું માનવું છે કે કોરોના વાયરસનો કપરો કાળ હજુ આવ્યો નથી અને તે આવવાનો બાકી છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના એક્સપર્ટે કહ્યું કે, કોરોના વાયરસનો ખરાબ સમય આવવાનો હજુ બાકી છે અને કેસોનો પણ વિસ્ફોટ થશે.

વુના એક્સપર્ટ માઈકલ રેયાને જણાવ્યું, કોરોના વાયરસને હરાવવા આપણે સાથે મળીને કામ કરવું પડશે. ભલે કેટલાક દેશોમાં કોરોના વાયરસની ગતિ ધીમી પડી હયો પરંતુ વિશ્વ સ્તરે તેની અસર વધી ગઈ છે. જેમ-જેમ ઘણા દેશો પોતાની અર્થવ્યવસ્થાને ખોલી રહ્યા છે તેમ ત્યાં ફરીથી વાયરસની અસર જોવા મળી રહી છે.

તેમણે કહ્યું, મહામારીની અસર ભારતના વિવિધ ભાગોમાં અલગ અલગ છે અને શહેરી તથા ગ્રામીણ સેટિંગ વચ્ચે બદલાય છે. દક્ષિણ એશિયામાં ફક્ત ભારતમાં જ નહીં, બાંગ્લાદેશ, પાકિસ્તાન સહિત સાઉથ એશિયાના અન્ય દેશોમાં ગીચ વસ્તી ધરાવતાં દેશોમાં રોગ હજુ વકર્યો નથી પરંતુ હંમેશા એવું થવાનું જોખમ રહેલું છે.

કોરોના વાયરસના પ્રસારને લઈ દુનિયા આખી ભયંકર રીતે તેમાં ફસાઈ છે ત્યારે ચીને દબાણમાં આવીને ભલે તપાસ ટીમને આવવાની મંજૂરી આપી

● અનુસંધાન પાન-૭ પર

## વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં વાહનોના વેચાણમાં ૭૦ ટકાનો ઘટાડો

**શહેરો કરતા ગ્રામીણ ક્ષેત્રોમાં નોંધપાત્ર વેચાણ થયું, દ્વીચક્રી અને ઈલેક્ટ્રિક વાહનો તરફનો ઝોક ઘણો વધી શકે છે**

નવી દિલ્હી,તા. ૩૦
કોરોના રોગચાળાને કારણે ભારતીય ઓટોમોબાઈલ વિશ્વ ૩૦ વર્ષમાં સૌથી મોટી મંદીનો સામનો કરી રહી છે. નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના પહેલા ક્વાર્ટરમાં વાહનોના વેચાણમાં ભારે ઘટાડો થયો છે. માર્ચ અને મે મહિનામાં સંપૂર્ણ લોકડાઉનને કારણે ઘરેલુ વેચાણ અને ટુ-વ્હિલર, થ્રી વ્હીલર અને ફોર વ્હીલરના નિકાસમાં ભારે ઘટાડો થયો છે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન વાહનોના વેચાણમાં ૨૫-૪૫ ટકાનો ઘટાડો જોવા મળી શકે છે, જ્યારે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં વાહન કંપનીઓના વેચાણમાં ૭૦ ટકાનો ઘટાડો થયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં ભારે વાહનોના વેચાણમાં ૫૦ ટકાનો ઘટાડો જોવાશે, જે ૨૦૦૮ ના વેચાણના આંકડાની બરોબર હશે. વાહન બજારના અંદાજ મુજબ, ખાનગી વાહનોનું વેચાણ ૮.૭૩ લાખ યુનિટથી ઘટીને માત્ર ૧.૫ લાખ યુનિટ થશે. ગયા વર્ષે ૭.૯૪ લાખ યુનિટની તુલનામાં આ વર્ષે વાહનોનું ઘરેલું વેચાણ ૨.૫




લાખ યુનિટ રહેશે. સોસાયટી ઓફ ઈન્ડિયન ઓટોમોબાઈલ મેન્યુફેક્ચર્સ (સિયામ) ના પ્રમુખ રાજન વાઢેરાએ જણાવ્યું હતું કે હાલમાં ઓટોમોબાઈલ કંપનીઓની ઉત્પાદક ક્ષમતા માત્ર ૨૦-૪૦ ટકા છે. માંગમાં ઘટાડો થવાને કારણે કંપનીઓએ ઉત્પાદન ધીમું કર્યું છે.

## કાશ્મીરમાં ૪ની તીવ્રતાના ભૂકંપના આંચકા

ચંડીગઢ,તા.૩૦
જમ્મુ-કાશ્મીરમાં ભૂકંપના આંચકા અનુભવાયા. રિક્ટર સ્કેલ પર આની તીવ્રતા ૪.૦ છે. આ ભૂકંપ કટરાથી ૮૪ કિલોમીટર પૂર્વમાં આવ્યો છે. જોકે કોઈ જાનહાનીના સમાચાર નથી.


જનસહાયક ટ્રસ્ટ-હિરામણી સ્કૂલ પરિવાર તરફથી



હાર્દિક અભિનંદન

માનનીય વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી** અને દેશના ગૃહમંત્રી **શ્રી અમિતભાઈ શાહ** ના માર્ગદર્શન હેઠળ, માનનીય મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**, પ્રદેશ અધ્યક્ષ **શ્રી જીતુભાઈ વાઘાણી** અને નાયબ મુખ્યમંત્રી **શ્રી નિતીનભાઈ પટેલ** ના નેતૃત્વમાં ગુજરાત રાજયમાંથી રાજયસભાના સાંસદ સભ્ય તરીકે ચુંટાવા બદલ

**શ્રી નરહરિભાઈ અમીન**

ને કોટી કોટી શુભેચ્છાઓ...